
## તંત્રી સ્થાનેથી...

# ઓમીક્રોનને ગંભીરતાથી લેવાની જરૂર



કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનને કારણે ભારત જ નહી, દુનિયાના અનેક દેશોમાં તણાવ વ્યાપ્યો છે. ક્રિસમસ અને નવા વર્ષના સ્વાગત સંબંધી આયોજનો પર પણ આ સંકટનો ઓછાયો તોળાવા લાગ્યો છે. એવું લાગે છે કે ગયા વર્ષની જેમ જ આ વર્ષે પણ ઉત્સવ-આયોજનો પર અસર પડશે. દિલ્હી સરકારે જો આયોજનો પર રોક લગાવવા માટે કહ્યું છે, તો તેના નિર્ણયનું સ્વાગત થવું જોઇએ. દિલ્હીમાં જિલ્લાધિકારીઓએ પોતપોતાના અધિકાર ક્ષેત્રમાં તમામ જરૂરી ઉપાય કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. દેખીતું છે, હવે લોકોને પોતાના ઘરમાં રહેતાં જ નવા વર્ષનું સ્વાગત કરવું પડશે અને એ જ યોગ્ય છે. સરકારી આંકડા જોઇએ તો દિલ્હી ૫૭ કેસો સાથે ઓમિક્રોન સંક્રમણમાં સૌથી આગળ છે, ત્યારબાદ મહારાષ્ટ્ર (૫૪), તેલંગણા (૨૪) અને કર્ણાટક (૧૯)નું સ્થાન છે. રાષ્ટ્રીય રાજધાનીમાં ગહન સર્વેક્ષણ કરવા માટે કહેવાયું છે. એ વિસ્તારોની ઓળખ કરાઈ રહી છે, જે ઓમિક્રોન સંક્રમણના કેસોમાં ખતરનાક સાબિત થઈ શકે છે. માસ્ક અને પરસ્પર અંતરને ફરીથી અનિવાર્ય કરવા કહેવાયું છે. તેમાં શંકા નહી કે ગત દિવસોમાં લગદ્ધ સમારોહોમાં અને અન્ય પ્રકારના આયોજનોમાં જે રીતે કોવિડ દિશા-નિર્દેશોની અવહેલના થઈ છે, તેનાં પરિણામ સામે આવવા લાગ્યાં છે.

કોઈ આશ્ચર્ય નહી કે દિલ્હી ઉપરાંત મુંબઈમાં પણ આ જ સ્થિતિ છે. ત્યાં પણ લોકોને સાવધાન કરી દેવામાં આવ્યા છે. ત્યાં પણ આયોજનો પર પ્રતિબંધો મૂકવામાં આવ્યા છે. અન્ય શહરોના નગર નિગમો પોતપોતાના સ્તરે પ્રતિબંધો લગાવવાની વેતરણમાં છે. એ આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે બચાવના ઉપાય નહી કરવામાં આવે તો જાન્યુઆરી મહિનામાં ઓમિક્રોનના કેસો વધી શકે છે. જરૂરી છે કે હાલમાં મોટા આયોજનોને રોકવામાં આવે અને સભા, રેસ્ટોરાં, ઓડિટોરિયમમાં પચાસ ટકાથી વધારે લોકોને ભેગા ન થવા દેવામાં આવે. તમામ રાજ્યોનાં લગ્ન સમારોહોમાં પણ લોકોની અધિકતમ સીમા નક્કી કરવી જોઇએ. તમામ સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, મનોરંજન કાર્યક્રમો અને ધાર્મિક સમારોહોમાં ભીડને રોકવાની વ્યવસ્થા કરવી જોઇએ. ગુજરાત સહિત જે રાજ્યોમાં ચૂંટણી છે, ત્યાં વિશેષ રૂપે સાવધાની રાખવાની જરૂર છે.

ભારતમાં મંગળવારે કોવિડ-૧૯ના ૬૩૧૭ નવા કેસો નોંધાયા છે. તુલનાત્મક રૂપે આ આંકડો વધારે નથી, પરંતુ ચિંતાની મોટી વાત એ છે કે કોરોનાથી લોકોના મોતનો ક્રમ તૂટતો નથી. મંગળવારે લગભગ ૩૧૮ લોકોનાં મોત થયાં છે. ભય અને ચિંતા એટલા માટે પણ વધારે છે, કારણ કે ઓમિક્રોનને ડેલ્ટાની તુલનામાં ઘણો વધારે સંક્રામક ગણાવવામાં આવે છે. કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોને ચેતવી છે કે જરૂરિયાતના હિસાબે પ્રતિબંધો લગાવવામાં આવે. આશંકા છે કે આખા દેશમાં રાતના કર્ફ્યૂની વાપસી થઈ શકે છે અને સભાઓ-આયોજનો પર રોક પણ લગાવાઈ શકે છે. હાલમાં દેશ જે મુકામ પર છે, ત્યાં આપણે વ્યાવસાયિક ગતિવિધિઓને રોકી નથી શકતા અને ના લોકડાઉનની વાપસી સંભવ છે, પરંતુ આયોજનોને ચોક્કસ રોકી શકીએ છીએ. ભીડથી બચવાની દિશામાં આપણા નેતાઓએ પહેલ કરવી જોઇએ. ક્યાંય કોઈ કડકાઈ અને ઢીલનો ખતરો આપણે ઉઠાવી નહી શકીએ. આપણે જો નક્કી કરી લઈએ તો ત્રીજી લહેરને ટાળી શકીએ છીએ.

# રાજયકક્ષાના 'શહેરી વિકાસ દિવસ' એ સુરતવાસીઓને કુલ રૂ.૨૧૭.૨૫ કરોડના માળખાકીય વિકાસના કામોની ભેટ આપતા મુખ્યમંત્રીશ્રી

## સૌને માટે રોટી, કપડા ઔર મકાનની જરૂરિયાત સંતોષતા સુરત મહાનગરપાલિકાના જનહિતલક્ષી કાર્યોનો વ્યાપ છેક ડાંગથી લઈ કચ્છ સુધી વિસ્તર્યો છે :- મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાણાના અભાવે વિકાસનુ એક પણ કાર્ય નહી અટકે તેમ સ્પષ્ટપણે જણાવતા, લઘુ ભારત તરીકે ઓળખાતા સુરત શહેરની મહાનગરપાલિકા, સુડા તથા જિલ્લા વહીવટી તંત્રના કુલ રૂ.૨૧૭.૨૫ કરોડના માળખાકીય વિકાસના કામોનુ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતુ.

સુરત સહિત રાજ્યભરના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ, વૈશ્વિક હરીફાઈમા દેશમા રોલ મોડેલ બની રહ્યાં છે, તેમ જણાવતા મુખ્યપ્રધાનશ્રીએ સુરત શહેરને આગામી દિવસોમા મેટ્રો ટ્રેન, રીવરફ્રન્ટ, ડ્રીમ સિટી, ડાયમંડ બુર્સ જેવા વૈશ્વિક સુવિધાઓના પ્રકલ્પો થકી નવી ઓળખ મળી રહેશે તેમ જણાવ્યું હતુ.

'શહેરી વિકાસ દિવસ'ની રાજયકક્ષાની ઉજવણીમા ડાયમંડ સિટી ખાતે પધારેલા મુખ્યમંત્રીશ્રીએ સ્વરાજ થી સુરાજ્યની દિશામા અગ્રેસર રાજ્ય અને કેન્દ્ર સરકાર, આપત્તિઓને અવસરમા પલટીને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી રહી છે તેમ જણાવ્યું હતુ.

સુરતીઓના જમીર અને ખમીરને ઉજાગર કરતા અને દેશભરમા શ્રમિક પરિવારોને સુખ, શાંતિ અને સમૃધ્ધિ સાથે રોટલો અને ઓટલો પુરો પાડતા સુરતને સોનાની મુરતની પરિભાષાને ચરિતાર્થ કરતા, વિકાસના શ્રેણીબધ્ધ પ્રકલ્પોની નવાજેશ થઈ રહી છે તેમ જણાવ્યું હતુ.

સૌને માટે રોટી, કપડા ઔર મકાનની જરૂરિયાત સંતોષતા સુરત મહાનગરપાલિકાના જનહિતલક્ષી કર્યોનો વ્યાપ છેક ડાંગથી લઈ કચ્છ સુધી વિસ્તારવા રાજય સરકાર કટિબધ્ધ છે તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ સુશાસનની સાચી પરિભાષા સર્વસમાવેશક વિકાસ છે તેમ જણાવ્યુ હતુ.

શહેરી અને ગ્રામ્ય વિસ્તારના સમુચિત વિકાસની દિશામા નક્કર રીતે આગળ વધી રહેલી રાજય સરકાર શહેરી અને ગ્રામીણ આવાસો, વર્કિંટ કેપિટલ લોન જેવા વડાપ્રધાનશ્રીના ડ્રીમ પ્રોજેકટમા અદકેરી સિધ્ધિ મેળવીને ગુડ ગવર્નન્સની દિશામા અગ્રેસર બની છે તેમ ઉમેર્યું હતુ.

સ્માર્ટ, સસ્ટેનેબલ અને હેલ્ધી કોમ્પિટિશનની દિશામા અગ્રેસર સરકારે નાણાંકીય સ્થિરતા સાથે વૈશ્વિક વિકાસની દિશામા હરણફાળ ભરી છે, તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતે સર્વાંગિણ વિકાસનુ વૈશ્વિક મોડેલ પ્રસ્થાપિત કર્યું છે તેમ જણાવ્યું હતુ.

શહેરી બસ સેવા, મેટ્રો ટ્રેન પ્રોજેકટ જેવા પ્રકલ્પો વડાપ્રધાનશ્રીના ગતિશકિતના સંકલ્પને સાકાર કરશે તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ, સુરતના આંગણેથી જુદી જુદી યોજનાઓના લાભાર્થીઓને સુશાસનની પ્રતિતી કરાવતા વિવિધ લાભો પણ એનાયત કર્યા હતા.

પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજનાના કોમ્પ્યુરાઈઝડ ડ્રો સાથે વિકાસકામોનું ડીજીટલી ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતા મુખ્યમંત્રીશ્રીએ સુરતની ક્ષિતિજે સતત વિકાસને સ્વર્ણિમ સૂર્યોદયના થઈ રહ્યો છે તેમ જણાવ્યું હતુ.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સૌને રોટી, કપડા, મકાન જેવી પાયાની સુવિધા સરળતાથી મળે, અને ગ્રામીણ કે શહેરી હરેક વ્યક્તિને પોતીકી સરકાર લાગે, તે સુશાસન ની સાચી દિશા ગુજરાતમા આપણે અપનાવી છે, તેમ ઉમેર્યું હતુ.

દેશભરમાં મોડેલરૂપ કામગીરી કરી રહેલી સુરત મહાનગરપાલિકાના પરિશ્રમના પરિણામો દેશ આખો જોઈ રહ્યો છે, તેમ જણાવતા સાંસદ શ્રી સી.આર.પાટીલે, દેશભરમા સૌથી વધુ ઝડપથી વિકસી રહેલા સુરત શહેરમા આવતા દેશભરના શ્રમિકો, પ્રજાજનોને ધ્યાને રાખીને સુચારુ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવી રહી છે તેમ જણાવ્યું હતુ.

સુરત સહિત રાજ્યભરના શહેરોમાંથી ભિક્ષુકો, રખડતા ઢોરો જેવી સમસ્યાઓ બાબતે પણ સતત ચિંતિત મુખ્યમંત્રીશ્રીની કાર્યપ્રણાલીનો ખ્યાલ આપી શ્રી પાટીલે સુરત શહેરમાં ૧૧૦૦થી વધુ ભિક્ષુકોને રહેવા માટે શેલ્ટર હોમનુ નિર્માણ કરીને ભિક્ષુકમુકત શહેર બનવાની દિશામા આગળ વધી રહ્યુ હોવાનું વધુમા ઉમેર્યું હતુ.

સુરત શહેરની જળ વ્યવસ્થાપન નીતિનો ખ્યાલ આપતા સાંસદ શ્રી સી.આર.પાટીલે સુરત સહિત દેશભરનો સ્વર્ણિમ કાળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ ચાલી રહ્યો છે તેમ જણાવ્યુ હતુ. ગુજરાત અને ગુજરાતીઓની તાસીરનો ખ્યાલ આપતા શ્રી પાટીલે સુરતને સ્વચ્છતામા ચૌદમા નંબરેથી બીજા નંબર સુધી, અને હવે પહેલા નંબરે લઈ જવાનુ સૌને આહવાન કર્યું હતુ.

તેમણે કહ્યું કે, જો કોઈને વિકાસ મોડેલ જોવુ હોય તો ગુજરાતના સૂરતની મુલાકાત અવશ્ય લેવી પડે. આ શકય બન્યું છે અહીના પદાધિકારીઓ-અધિકારીઓના સુભંગ સમન્વય થકી. સુરત શહેરે વિશ્વના શહેરો સાથે વિકાસની સ્પર્ધા કરી રહ્યુ છે તેમણે જણાવ્યુ હતુ.

'સુશાસન'ના પ્રણેતા ભૂતપૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ.શ્રી અટલબિહારી બાજપાઈના પગલે આગળ વધી રહેલા 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્રદ્રસ્ટા શ્રી નરેન્દ્રભાઇ મોદીના સંકલ્પને આગળ વધારતા ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે, તેમ જણાવતા કેન્દ્રીય રેલવે અને કાપડ રાજયમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે, સુરતના વિકાસનો સ્વર્ણિમ કાળ ચાલી રહ્યો છે તેમ જણાવ્યુ હતુ. પ્રાસંગિક ઉદબોધનમા શ્રીમતી જારદોશે સુરતનો ભવ્ય ભૂતકાળ વર્ણવી, ઉજ્જવળ આવતીકાલની રૂપરેખા પણ વર્ણવી હતી.

પં. દીનદયાળ ઉપાધ્યાયના છેવાડાના માનવીઓ સુધી વિકાસના ફળ પહોંચાડવાનુ ભગીરથ કાર્ય, વર્તમાન રાજ્ય, અને કેન્દ્ર સરકાર સુપેરે કરી રહી છે તેમ જણાવતા શહેરી વિકાસ મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ રાજયની તમામ સુધરાઈઓમા હાથ ધરાયેલી પ્રજાલક્ષી કાર્યોની વિગતો વર્ણવી હતી. શહેરી વિકાસના કામોમા ગતિ સાથે આયોજનબદ્ધ કાર્યો હાથ ધર્યા છે તેમ જણાવીને આગામી સમયમાં રાજયભરમાં નદી કે નાળામાં ગદુ પાણી ન જાય તે માટેનું સુનિયોજીત નેટવર્ક ઉભુ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતુ.

પ્રાસંગિક ઉદબોધન કરતા મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ 'બહુજન હિતાય, બહુજન સુખાય' ના સૂત્રને ચરિતાર્થ કરતા સુરત મહાનગરપાલિકાએ હાથ ધરેલા કાર્યો, અને હાંસલ કરેલી સિદ્ધિઓની ઝાંખી વર્ણવી હતી. તેમણે કહ્યું હતું કે, ભારતના બીજા નંબરના સૌથી સ્વચ્છ સુરત શહેરને સુશાસનની પરિભાષાને ચરિતાર્થ કરતા 'ગારબેજ ફ્રી સિટી એવોર્ડ' સહિત 'સફાઈ મિત્ર સુરક્ષા ચેલેન્જ એવોર્ડ', તથા જળ સંરક્ષણ ક્ષેત્રનો 'વોટર પ્લસ' એવોર્ડ પણ મળી ચુક્યો છે. સુશાસન માટે સજ્જ સુરત સુધરાઈ શહેરીજનોને માળખાગત સુવિધાઓ આપવામાં પણ અગ્રેસર હોવાનું ઉમેર્યું હતુ.

આજે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે સુરતના શહેરીજનોને જે નવા પ્રકલ્પોની ભેટ મળી છે, તેમા પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ ૩-૪-૫) અંતર્ગત ઈઉજી- ટાઈપના કુલ ૪૮૮૮ આવાસોની ફાળવણી અંગેનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો, તથા અંદાજીત રૂ.૬૪.૬૬ કરોડના ખર્ચે સાકારિત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસો, દુકાનો, ભૂગર્ભ ટાંકી, આંગણવાડી, અને સિવિક સેન્ટર સહિતના પ્રકલ્પોનુ લોકાર્પણ ઉપરાંત વિવિધ ઝોન વિસ્તારમા અંદાજીત રૂ.૧૩૩.૨૨ કરોડના ખર્ચે સાકારિત થનાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસો, દુકાનો, ફાયર સ્ટેશન, તથા ફાયર સ્ટાફ ક્વાટર્સ, ખાડી બ્રિજ, સ્ટોર્મ ડ્રેનેજ લાઈન, અને વરસાદી ગટર લાઈન નાંખવા સહિતના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત,તથા સુરત શહેરી વિકાસ સત્તામંડના ઈઉજી- કક્ષાના ૮૧૨ આવાસોના કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો, અને નગરપાલિકા વિસ્તાર સહિત સુરત જિલ્લાના અંદાજિત રૂ.૧૯.૩૭ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્તની તકતીઓનુ ઇ લોકાર્પણ કરાયુ હતુ. આમ, આજે કુલ રૂ.૨૧૭.૨૫ કરોડના વિકાસકામોનુ લોકાર્પણ/ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ.

સુરત મહાનગરપાલિકા, સુરત શહેર વિકાસ સત્તા મંડળ, તથા સુરત જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્સન હોલ ખાતે યોજાયેલા 'શહેરી વિકાસ દિવસ' ઉજવણી કાર્યક્રમમા કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, સુરતના પ્રભારી અને રાજયના નાણા-ઉર્જા તથા પેટ્રો કેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, શહેરી વિકાસ મંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયા, ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કૃષિ-ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજયમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, સાંસદ શ્રી સી.આર.પાટીલ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરો, રાજયના શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પુરી, સુરત જિલ્લા કલેકટર શ્રી આયુષ ઓક, પોલીસ કમિશનર શ્રી અજય તોમર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એસ.ગઢવીતથા વહીવટી તંત્રના ઉચ્ચાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કરતા મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જયારે કાર્યક્રમના અંતે આભારવિધિ ડેપ્યુટી મેયર શ્રી દિનેશભાઈ જોધાણીએ આટોપી હતી.

### સુરતમાં તાપી નદી પર ઝડપભેર રિવરફ્રન્ટનું નિર્માણ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ

# સુરતથી રાજ્યવ્યાપી 'નદી ઉત્સવ'નો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

## મુખ્યમંત્રીએ સિંગણપોરના કોઝવે ખાતે તાપી કિનારે ભુદેવોના વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂણ્યસલિલા તાપીમૈયાનું પૂજન-અર્ચન કર્યું



'તાપી નદી પર ઝડપભેર રિવરફ્રન્ટનું નિર્માણ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાતને ગ્રીન કવરથી આચ્છાદિત કરવા તેમજ ઉદ્યોગો દ્વારા ટ્રીટેડ વોટર જ નદીઓમાં છોડવામા આવે તે દિશામાં રાજ્ય સરકાર નક્કર આયોજન કરશે.,'એમ સુરતની તાપીનદીના તટેથી આજે રાજયવ્યાપી 'નદી ઉત્સવ'નો શુભારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણતાના અવસરે દેશભરમાં ઉજવાઈ રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે દેશની પ્રગતિ અને પ્રકૃત્તિમાં મહત્વનું યોગદાન આપતી નદીઓનું ગૌરવગાન અને સન્માન કરવાના હેતુથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં સુરતના સિંગણપોર વિયર કમ કોઝવે ખાતે રાજયકક્ષાનો "નદી ઉત્સવ" યોજાયો હતો. જયાં તાપી નદીના પાવન તટે મુખ્યમંત્રીશ્રીએ ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂણ્યસલિલા તાપીમૈયાનું પૂજન-અર્ચન કર્યું હતું. તેમણે શ્રમદાન કરી નદીઓને સ્વચ્છ અને સુરક્ષિત રાખવાનો સંદેશ આપ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ 'નદી ઉત્સવ' નદીઓના કિનારે વિસરાયેલી ભવ્ય સંસ્કૃતિને સજીવન કરવાનો આ પ્રયાસ હોવાનું જણાવી વધુમાં ઉમેર્યું કે, નદીઓ, પર્યાવરણ આપણી મહામૂલી સંપત્તિ છે. આપણી નદીઓ રાજયના અપ્રતિમ વિકાસની મૂક સાક્ષી છે. માનવજીવન સહિત અનેકવિધ સજીવો માટે નદીઓ શુદ્ધ મીઠા પાણીઓ એકમાત્ર સ્રોત છે. આપણી આવનારી પેઢીઓ સાથે પર્યાવરણની સુરક્ષા માટે જીવનદાતા નદીઓની જાળવણી કરવી આપણી ફરજ છે.

મુખ્યમંત્રીશ્રીએ ભૂતકાળની સરકારના શાસનમાં જોવા મળતી સુવિધાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, એક સમયે સાબરમતી નદીના પટ પર ક્રિકેટના મેદાનો અને સર્કસના ડેરા-તંબુ જોવા મળતા હતા, જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દષ્ટિના પરિણામે આજે આધુનિક સુવિધાઓથી સજ્જ રિવરફ્રન્ટ સાકાર થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, તા.૨૬ થી ૩૦ ડિસેમ્બર દરમિયાન રાજયભરમાં 'નદી ઉત્સવ'ના માધ્યમથી નદીઓ, વૃક્ષો સહિતની કુદરતી સંપત્તિના સંરક્ષણની આહલેક જગાવવામાં આવશે. ઉપરાંત, નદીઓને સિટી બ્યુટીફિકેશન સહિતના બહુવિધ વિકાસઆયામો સાથે જોડીને લોકસુવિધા ઊભી કરવાની સરકારની નેમ છે. નર્મદાના કેવડીયા ખાતે એકતા ક્રુઝ અને રિવરરાફ્ટીંગ જેવી આનંદ-પ્રમોદની સુવિધાઓ સરકારે વિકસાવી છે એમ પણ તેમણે કહ્યું હતું.

રાજ્ય સરકાર સુશાસનના પ્રણેતા પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી વાજપેયીજીની સ્મૃત્તિમાં દરેક વ્યક્તિને સરળતાથી સરકારી સેવાઓના લાભ આપવા સાથે નાગરિકોની સમસ્યાઓ નિવારવાના અનેકવિધ પ્રયાસો કરી 'સુશાસન સપ્તાહ'ની ઉજવણી કરવા પણ સંકલ્પબદ્ધ હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ વેળાએ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રી અને શહેરીજનોએ નદીઓને સ્વચ્છ અને સુરક્ષિત રાખવાના સામૂહિક સંકલ્પ ગ્રહણ કર્યા હતા. બાલિકાઓએ 'ધન્ય ધન્ય તાપીના પાણી' ગીત પર મનમોહક નૃત્ય રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રારંભે નર્મદા, જળ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સચિવશ્રી કે.એ.પટેલે સ્વાગત પ્રવચન કરતા નદી ઉત્સવની રૂપરેખા આપી રાજ્ય સરકાર દ્વારા નદીઓને સ્વચ્છ, સુરક્ષિત અને જીવંત રાખવા માટેના રાજ્ય સરકારના પ્રયાસોની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ, પાણી પુરવઠામંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, શહેરીવિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજયમંત્રીશ્રી વિનોદભાઈ મોરડિયા, કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજયમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, સાંસદશ્રી સી.આર.પાટીલ, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા, જિલ્લા કલેક્ટરશ્રી આયુષ ઓક, મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની સહિત ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ, શહેરીજનો, મનપાના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતા.

## અમે તો ૫ જ વર્ષ છીએ અધિકારીઓ તો ૨૫-૩૦ વર્ષ રહેશો : શાહ

*ન્યુદિલ્હી, તા.૨૬*

આપણા બંધારણમાં તમારા પર એક ખાસ પ્રકારનો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. બધા રાજકારણીઓ પાંચ વર્ષ માટે જ આવે છે અને પાંચ વર્ષ પછી દેશની જનતા નક્કી કરે છે કે બીજી તક આપવી કે નહીં, પરંતુ તમે લોકો ૨૫-૩૦ વર્ષ માટે આવો છો કારણ કે બંધારણને તમારામાં વિશ્વાસ છે. એટલા માટે હું તમને કહેવા માંગુ છું કે તમારા લોકો પર અમારા કરતા વધુ જવાબદારી છે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારે સનદી અધિકારીઓને સૂચન કર્યું હતું કે અમારો (રાજકીય) કાર્યકાળ ફક્ત પાંચ વર્ષનો છે જયારે તમારો કાર્યકાળ ૨૫-૩૦ વર્ષનો છે. તેથી તમારી પાસે મોટી જવાબદારી છે. તમારે તમારી ભૂમિકાનું મહત્વ સમજવું જોઈએ. શાહે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતીના અવસર પર આયોજિત સુશાસન દિવસ સપ્તાહ કાર્યક્રમના સમાપન સત્રમાં આ વાત કહી હતી. શાહે જણાવ્યું હતું કે વધુને વધુ લોકોને લાભ મળે તે માટે સુશાસનની વિવિધ પદ્ધતિઓ અપનાવવાની જરૂરિયાત છે. સનદી અધિકારીઓને પણ મારો આગ્રહ છે કે નિયમો કાગળની જેમ વાંચી નિયમોની ભાવના સમજો અને લોકોને સમજાવો.

### આ જેમ્સ વેબ સ્પેસ એલિયનની શોધ કરશે

# નાસા દ્વારા સૌથી શક્તિશાળી ટેલિસ્કોપ લોન્ચ કરાયું

વોશિંગ્ટન, તા.૨૬


આ પ્રોગ્રામ અમેરિકાના ઈતિહાસનો સૌથી મોટો ઈન્ટરનેશનલ સ્પેસ સાયન્સ પ્રોજેક્ટ છે. જેનું નામ નાસાના બીજા હેડ 'જેમ્સ વેબ'ના નામે રાખવામાં આવ્યું છે.નાસાએ આ ટેલિસ્કોપમાં સમયની સાથે અનેક એડવાન્સ ટેક્નોલોજી જોડી છે. તેનાથી બ્રહ્માંડના અનેક રહસ્યો સામે આવી શકે છે. જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપને હબ્બલ ટેલિસ્કોપનો ઉત્તરાધિકારી માનવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ હબ્બલ ટેલિસ્કોપની જગ્યા લેશે. નાસાએ એપ્રિલ ૧૯૯૦માં પોતાના પ્રથમ અંતરિક્ષ ટેલિસ્કોપ હબલને અંતરિક્ષમાં સ્થાપિત કર્યો હતો. આ ટેલિસ્કોપની મદદથી જ બ્રહ્માંડની વય ૧૩થી ૧૪ અબજ વર્ષ જેટલી આંકવામાં આવી હતી. જો કે, ૬ મહિના અગાઉ હબ્બલ સ્પેસ ટેલિસ્કોપે અચાનક કામ કરવાનું બંધ કરી દીધું હતું. હવે જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ તેની ભરપાઈ કરશે.ટેલિસ્કોપના ઓપ્ટિક્સ પર સોનાની પાતળી લેયર ચઢાવવામાં આવી છે. આ લેયર ઈન્ફ્રારેડ લાઈટને ડિફ્લેક્ટર કરશે, તેનાથી ટેલિસ્કોપ ઠંડો રહેશે. કેમેરાના સૂરજની હીટથી બચાવવા માટે તેમાં ટેનિસ કોર્ટના આકારની ૫ લેયરવાળી સનશીલ્ડ લગાડવામાં આવી છે. ટેલિસ્કોપનો વ્યાસ ૨૧ મીટર છે.નાસાના જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપને ૨૫ ડિસેમ્બરે એરિયન રોકેટની મદદથી ફ્રેન્ચ ગુયાના સ્થિત લોન્ચિંગ બેઝ પરથી લોન્ચ કરવામાં આવ્યું. આ ટેલિસ્કોપને નાસા, યુરોપિયન સ્પેસ એજન્સી અને કેનેડિયન સ્પેસ એજન્સીએ તૈયાર કર્યું છે. આ ટેલિસ્કોપને તૈયાર કરવામાં લગભગ ૭૫ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. આ દુનિયાનું સૌથી શક્તિશાળી ટેલિસ્કોપ છે. જેની ક્ષમતાનું અનુમાન તે વાતથી કરી શકાય છે કે તે અંતરિક્ષ પરથી પૃથ્વી પર ઉડતા પંખીઓને પણ સહેલાઈથી ડિટેક્ટ કરી શકે છે. ૧૯૯૦માં મોકલવામાં આવેલા હબ્બલ ટેલિસ્કોપની તુલનાએ આ ૧૦૦ ગણો વધુ શક્તિશાળી છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No/0044
વિષયઃ- નાતાલ
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- સર્વધર્મ સમાનતા.

નાતાલ, આમ તો ખ્રિસ્તીઓનો તહેવાર. આપણો દેશ સર્વધર્મ સમાનતામાં માનનારો એટલે દરેક ધર્મનાં તહેવાર આપણે ધામધૂમથી ઉજવીએ. જો કે આજકાલ સોશ્યલ મીડિયામાં એવાં મેસેજ જોવા મળે છે કે, એ લોકો એમનાં બાળકોને રામનવમી પર રામ કે જન્માષ્ટમી પર કૃષ્ણ બનાવે છે? તો આપણે શું કામ? આપણાં બાળકને શાંતાક્લોઝ બનાવીએ?

અંહી જ આપણે થાપ ખાઈ જઈએ છીએ કે, આપણું અનુકરણ કોઈ કરે એવી અપેક્ષા શું કામ રાખવી? દરેકની માન્યતા અલગ અલગ હોવાથી જેને જે માન્યતા પ્રમાણે વર્તવું હોય એ પ્રમાણે વર્તે.

આપણી તો સંસ્કૃતિ જ ભાઈચારાની ભાવના અને સર્વ ધર્મ સમાનતામાં માનનારી હોવાથી આપણે જેટલાં ઉત્સાહથી આપણું નવું વર્ષ વિક્રમ સંવત, દિવાળી ઉજવીએ એટલાં જ ઉત્સાહથી આપણાં જીવનમાં વણાયેલ આ નવું વર્ષ અને નાતાલ પણ ઊજવીએ.

શાંતાકલોઝ બધાંને ખુશી વહેંચે છે. બાળકોને ચોકલેટ, રમકડાં વગેરે આપી ખુશ કરે છે. એ જ આપણે શીખવાનું છે કે, દુખિયારાનાં આંસુ લુછવા, ભૂખ્યાને ભોજન, જરૂરિયાતમંદોને મદદ કરવી અને એમનાં ચહેરા પર ખુશી લાવવી.

ઈશુ ખ્રિસ્ત કેરો
જન્મદિન
લોકો
ઉજવે નાતાલ રૂપે.
શાંતાક્લોઝ આવે
નાતાલમાં
લાવે
વિવિધ ભેટ સોગાદ.
સૌને નાતાલની શુભેચ્છાઓ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

: NOG SS No : 0075
વિષય :- નાતાલ
પ્રકાર :- પદ્ય ( બાલ ગીત)
શીર્ષક : પ્રિય નાતાલ

આવી મઝાની નાતાલ
લાવી પ્રેમની સોગાદ
ચાલો ભેગા મળીને સૌ
એની ઉજવણી કરીએ!
આવો બાલ મિત્રો વ્હાલાં
સાથે ભાઈભાડું પ્યારાં,
આંગણે નાનું ક્રિસમસ ટ્રી
ચાલો સજાવી દઈએ !
ટન ટન ઘંટડી સુણાય
રેન્ડિયર ગાડી દોડી જાય,
આ તો સાન્ટા ના અણસાર
ચાલો વધાવી લઈએ!
ગમતી ભેટોની યાદી
મુકાય મોજાઓની સાથે,
દાદા ના કરતાં કદી નિરાશ
મોજ મનાવી લઈએ!
આ તો પ્રેમનો તહેવાર
હવે લડશો ના લગાર,
માફી આપી-માંગી સૌને
ગળે લગાવી દઈએ!
રાજા, રંક નાના, મોટા,
સૌને વહાલી છે નાતાલ
પ્રેમ - પ્રકાશને સથવારે
જગને જીતાડી દઈએ!
કૌમુદી સોની

### મુખ્યમંત્રીશ્રીએ સુશાસન સપ્તાહના પ્રથમ દિવસે ગાંધીનગર સચિવાલય ખાતે

# અદ્યતન ટેક્નોલૉજીયુક્ત જનસંપર્ક એકમ- સ્વાગત કક્ષ અને રાજ્ય સરકારની વિવિધ ગુડ ગવર્નન્સ પહેલોનો પ્રારંભ કરાવ્યો




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, દરેક વ્યક્તિને સરળતાથી સરકારી સેવાઓના લાભ મળે તે રાજ્ય સરકારનો ધ્યેય છે. નાગરીકોનો અવાજ સાંભળી, સમસ્યાઓ નિવારવા સરકાર પ્રજાની પડખે છે એવો ભાવ દરેક વ્યક્તિને જાગે તે જ સરકારની સફળતા અને ગુડ ગર્વનન્સ-સુશાસન છે.

મુખ્યમંત્રીશ્રીએ સુશાસન સપ્તાહના પ્રથમ દિવસે ગાંધીનગર સચિવાલય ખાતે અદ્યતન ટેક્નોલૉજીયુક્ત માળખાકીય સુવિધા સાથેના જનસંપર્ક એકમ- સ્વાગત કક્ષનો અને રાજ્ય સરકારની વિવિધ ગુડ ગવર્નન્સ પહેલોનો પ્રારંભ કરાવ્યા બાદ કહ્યું કે, સામાન્યમાં સામાન્ય માનવીને શાસનમાં પોતીકાપણું અનુભવ થાય તે માટે રાજ્ય સરકારે આ વિવિધ પ્રકલ્પો આરંભ્યા છે. છેવાડાના માનવી - દરિદ્રનારાયણને પણ વિકાસના લાભ મળે તેવા અટલજીના સંકલ્પને આ પ્રકલ્પો સાકાર કરશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોની સુવિધામાં વૃધ્ધિ કરતા જનહિત નિર્ણયોની જાહેરાત કરતા કહ્યું કે, નિશ્ચિત સરકારી સેવાઓમાં કાયદાકીય રીતે જરૂરી કે બાધિત ન હોય તેવી બાબતોમાં એફિડેવિટ કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે અને સેલ્ફ ડેક્લેરેશન માન્ય રાખવામાં આવશે. ?ડિજીટલી પ્રમાણિત પ્રોપર્ટીકાર્ડ હવે ઓનલાઈન મળશે,? બિનખેતી હુકમો બાદ ઓટો જનરેશનથી પ્રોપર્ટીકાર્ડ ઉપલબ્ધ થશે,? બિનખેતી હુકમોની મંજુરી બાદ બાંધકામ અંગેની સમયમર્યાદા દૂર કરવામાં આવી છે અને વર્ષ ૨૦૧૯થી નોંધાયેલા દસ્તાવેજોની ડિજીટલી સાઈન્ડ નકલ ઓનલાઈન ઉપલબ્ધ થશે.

તેમણે વધુમાં જાહેરાત કરતા જણાવ્યું કે, હુકમી નોંધ અને બેંક દ્વારા બોજા દાખલ તથા દૂર કરવા અંગેની નોંધો માટેની ૧૩૫/ડી નોટીસની સમયમર્યાદા ૩૦ દિવસથી ઘટાડી ૧૦ દિવસ કરવામાં આવી છે, લેન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩એએ ની મંજુરી પ્રક્રિયા હવે ઓનલાઈન થશે, ગણોત ધારા કલમ-૩૨ એમ અંતર્ગત ખરીદ કિંમત ભરપાઇ કરવાની મુદતમાં ૩ વર્ષનો વધારો કરાયો છે, ગણોત ધારા કલમ-૪૩ તથા કલમ-૬૩ ની મુદત અનુક્રમે ૨ વર્ષથી વધારી ૫ વર્ષ તથા ૫ વર્ષથી વધારી ૧૦ વર્ષ સુધીની સત્તા કલેક્ટરશ્રીને આપવામાં આવી છે, PMJAY-MA યોજનાના લાભાર્થીઓને તલાટી દ્વારા અપાતા આવકના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રખાશે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે રાજ્ય સરકારની વિવિધ ગુડ ગવર્નન્સ પહેલોનો પ્રારંભ કરાવ્યો હતો જેમાં, સરકારના વિભાગો વચ્ચે સંકલન અને સુદ્દઢિકરણ માટે ઈ-સરકાર પોર્ટલ, જાહેર વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક અને અસરકારક બનાવતી-My Ration Mobile સ્વરોજગારની ડિજિટલ સેવા આપતા ઈ-કુટીર પોર્ટલ, વન વિભાગ દ્વારા ટિંબર ટ્રાન્ઝીટ પાસ મંજૂરી માટેના પોર્ટલ, પાણી પુરવઠા વિભાગની સુગ્રથિત વ્યાપક કાર્યપદ્ધતિ માટે એન્ટરપ્રાઈઝ એપ્લીકેશન પ્લેટફૉર્મ અને મોબાઈલ એપનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વધુમાં જણાવ્યું કે, 'સુશાસન દિવસે' 'સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ'ને સમયાનુકુલ વધુ અદ્યતન સુવિધાઓ સાથે સુદ્રઢ બનાવી રહ્યા છીયે. રાજયમાં ઝડપી અને સરળ વહીવટની નેમ સાથે ગુજરાતની હાલની વહીવટી કાર્ય પદ્ધતિને સંપૂર્ણપણે પેપરલેસ કરવા "ઈ-સરકાર" એપ્લિકેશનનો પણ પ્રારંભ કર્યો છે. આ એપ્લિકેશન સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ તથા કલેકટર કચેરી ડી.ડી.ઓ. કચેરી જેવી જિલ્લા કક્ષાની કચેરીઓ અને તાલુકા કક્ષાની કચેરીઓ સુધી કાર્યરત થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીજીને યાદ કરતા કહ્યું કે, અટલજી દેશના મહાન કર્મયોગી અને આપણા સૌના પ્રેરણા પુરૂષ છે. તેમની સ્મૃતિમાં દેશ આજે ગુડ ગવર્નન્સ ડે મનાવી રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, અટલજીએ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. અટલજીનું જીવન આપણને સ્વહિત પછી, પહેલાં રાષ્ટ્રહિતનો સંદેશો આપે છે. અટલજીનું જીવન સુશાસનના સંદેશાથી ભરેલુ છે. ગુજરાતે ગુડ ગર્વનન્સ-સુશાસનની દિશામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને દિશાદર્શનમાં આજથી બે-અઢી દાયકા પહેલાં જ નક્કર પરિણામદાયી ડગ માંડી દીધા હતા.

મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે સુશાસન સપ્તાહના શુભારંભ અવસરે મુખ્યમંત્રીના દ્રષ્ટિવંત અને જન કલ્યાણલક્ષી નેતૃત્વમાં રાજ્યનું વહીવટી તંત્ર વિવિધ પ્રકલ્પો સફળ બનાવવા સંપૂર્ણપણે સજ્જ છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેમણે આ હેતુસર ૧૦ પોઈન્ટ ઓ કાર્ય એજન્ડા પણ પ્રસ્તુત કર્યો હતો, આ સંદર્ભમાં મુખ્ય સચિવશ્રીએ કહ્યું કે, ગુડ ગવર્નન્સને ગુડ-ગુડ ગવર્નન્સ તરફ લઈ જવા સમગ્ર તંત્ર પ્રતિબદ્ધ છે. તેમણે રાજ્ય સરકારની બધી જ યોજનાઓના લાભાર્થીઓના તથા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરનો વ્યાપ વધારવાની પણ તંત્રની સંકલ્પબદ્ધતા દર્શાવી હતી.

શ્રી પંકજકુમારે સમરસતા સાથે સર્વગ્રાહી વિકાસમાં ગુજરાતે અગ્રેસરતા હાંસલ કરી છે તેનો પણ ચિતાર આપ્યો હતો, કુપોષણ સામે જંગ છેડવા તથા વિવિધ યોજનાઓના લાભાર્થીઓની સફળ ગાથાઓ પણ પ્રકાશિત કરી વધુને વધુ વર્ગોને યોજનાકીય લાભો માટે પ્રેરિત કરવા હિમાયત કરી હતી.

શ્રી પંકજકુમારે જિલ્લાતંત્ર અને વિવિધ વિભાગો ગુડ ગવર્નન્સના કન્સેપ્ટને વધુ સક્ષમ બનાવવા કટિબદ્ધ છે તેવી ખાતરી પણ આપી હતી.

## ક્રિસમસ

અંગ્રેજી માં કહેવાય છે ક્રિસમસ,
ને ગુજરાતી માં કહેવાય છે નાતાલ
માતા મરિયમ ખૂબ ખૂબ ભમ્યા
ઈશુ બેનેથહેમ નજરેથ ગામ જન્મ્યા
આકાશમાં ચમક્યો હતો એક તારો
ભરવાડને કહે 'બીહીંમ 'તમે ના ડરો
કાશ્મીર ગ્યા ઈશુ પૂર્વ વર્ષ બેહજાર
આજે પણ સલામત છે ઈશુ ની મઝાર
ઈશુ પ્રભુ નું છે અમર નામ
દેવળો છે ઈશુ પ્રભુના પવિત્ર ધામ
ઉમર ૧૨ થી ૩૦ વર્ષ ઈશુ અદ્રશ્ય રહ્યા
બૌધસભામાં ઈશુ કાશ્મીર ઉપસ્થિત થયા
નાતાલ એટલે પવિત્ર શાંતિ નું જીવન
પ્રેમ અને માફી માગવા નું છે ઉપવન
અમેરીકા ની સોફ્ટડ્રિંક ની જાહેરાત
૧૯૩૧ માં જન્મ્યા શાંતા ક્લોજ રાત
લાલ કપડા સફેદ દાઢી ગોરૂ મુખ
બાળકો ને મળે એટલે સુખ જ સુખ
બ્રાઝિલે ના ૧૯૫૦ માં' ગ્રાન્ડપા ઇન્ડિયા '
મી.' શાંતા ક્લોઝ' આગળ તે હારી ગયા
કવિ ગુલાબ કહે,
ચાલો ઉજવીએ આપણે સૌ નાતાલ
પહેરી કપડા સફેદ દાઢી ગુલાબી ગાલ
દેવળ માં જઈ કરીએ ઈશુ ને વંદન
ભાઇ બહેનો ને આપીએ સૌ અભિનંદન
ડો ગુલાબચંદ પટેલ
અધ્યક્ષ
મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ
ગાંધીનગર ગુજરાત

### ૭૫૦૦થી વધુ સૂરતીલાલાઓએ ઉત્સાહભેર ભાગ લઈને સાયકલ રેલીને બનાવી યાદગાર

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયકક્ષાની 'ફિટ ઈન્ડિયા, ફિટ ગુજરાત સાયકલોથોન સ્પર્ધાને ફલેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું

રાજયના દરેક નાગરિકો નિરોગી અને સુખમય જીવનના ધ્યેય સાથે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમા ભાગ લે તે માટે સરકારના આરોગ્ય વિભાગ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજીત 'ફિટ ઈન્ડિયા, ફિટ ગુજરાત સાયક્લોથોન' સ્પર્ધાને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ફલેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ખુશનુમા ઠંડીની વચ્ચે ૭૫૦૦થી વધુ સુરતીલાલાઓ ઉત્સાહભેર આ સાયકલ રેલીમાં જોડાયા હતા.

શારીરિક અને માનસિક સજ્જતા સાથે સંભવિત રોગચાળાને નાથવા માટે પ્રત્યેક જન સજ્જતા કેળવે તે આવશ્યક છે તેમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતના આંગણેથી સાયકલોથોનનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતુ.

શિયાળાની ફુલગુલાબી ઠંડી વચ્ચે મોજીલા સુરતીઓની ઉત્સાહપ્રેરક ઉપસ્થિતિ વચ્ચે મુખ્યમંત્રીશ્રીએ ફીટ ઈન્ડિયા મુવમેન્ટના વડાપ્રધાનશ્રીના નારાને ઝીલી લઈને રાજયના પ્રજાજનોના સ્વાસ્થ્ય પ્રત્યે આવેલી જાગૃતિને બિરદાવી હતી.

કોરોનાની સંભવિત આપત્તિ સામે પ્રિકોસન ડોઝની તૈયારી સાથે વરિષ્ઠ નાગરિકો/કોમોર્બિલીટી ધરાવતા પ્રજાજનોને પણ કોરોનાનો પ્રિકોસન ડોઝ આપવા માટે રાજય સરકારે તૈયારીઓ આરંભી દીધી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

શહેરના હાર્દ સમા વેસુ વિસ્તારમાં તૈયાર કરાયેલી ૨.૫ કિ.મી. લાંબા નવનિર્મિત જોગીગ ટ્રેકની પણ મુખ્યમંત્રીશ્રીએ જાત મુલાકાત લીધી હતી. આ ટ્રેક વાહન પાર્કિંગ સહિત રમતગમત માટે શહેરીજનોને

સાયકલ ચાલનથકી બિનચેપી રોગથી મુકિતની થીમ પર સાયકલોથોનની થીમ પર શહેરના ભગવાન મહાવીર કોલેજ ખાતે ૧૦ અને ૩૦ કિ.મી.ના રૂટ પર યોજાયેલી સાયકલોથોનમાં વિવિધ સાયકલ ગ્રુપો, પોલીસ જવાનો, મહાનગર પાલિકાના કર્મયોગીઓ, હજારો સાયકલ સવારોએ ઉત્સાહભેર જોડાયા હતા.


આ પ્રસંગે ગૃહરાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ફીટ ઈન્ડિયા ફિટ ગુજરાતના નારા સાથે સમગ્ર રાજયભરના વિવિધ સ્થળોએ યોજાયેલી સાકલોથોનમાં લાખો લોકોએ સાયકલ રેલીમાં ભાગ લીધો છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ૬૦ કિ.મી.નો સાયકલ ટ્રેક તૈયાર થઈ રહ્યો છે. આગામી સમયમાં પણ ગુજરાતીઓનું સ્વાસ્થ્ય જળવાય રહે તે માટે આવી ઈવેન્ટ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, સુરત ખાતે યોજાયેલી સાયકલોથોન માટે ૭ હજાર ૫૦૦ થી વધુ શહેરીજનોએ નામાંકન નોંધાવી ભાગ લીધો હતો. આ સાથે રાજયભરમાં ૭૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે પણ અંદાજીત ૭૫ હજાર લોકો સાયકલોથોનમાં જોડાયા હતા. આ વેળાએ મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવો, સાયકલિસ્ટોએ ફિટનેસ જાળવણીના શપથ લીધા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે અને કાપડ રાજયમંત્રી શ્રીમતિ દર્શનાબેન જરદોશ, આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, કૃષિ રાજયમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, મેયર શ્રીમતિ હેમાલીબેન બોધાવાલા, સાંસદ શ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા કલેકટર શ્રી આયુષ ઓક, મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની, પોલીસ કમિશનર શ્રી અજય તોમર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એસ.ગઢવી, તેમજ મોટી સંખ્યામાં સાયકલિસ્ટો ઉપસ્થિત રહ્યા હતા.

---


ખોટો જ લાગુ સર્વને હું એવો દિવ્ય છું,
બોલાયું હો મજાકમાં હું એવું સત્ય છું.
માનો તો હું બધું જ છું, ના માનો કંઈ નથી,
માનો તો હું છું સત્ય, ના માનો અસત્ય છું
હું તો તમારો છું જ તમે મારા થઈ જુઓ,
હર કોઈ સાથે મિત્રતા માટે હું શક્ય છું.
ના જર, જમીન, જોરુંની લાલચ નથી મને,
હું ખુદ ઉપર મરું સદા એથી અનન્ય છું.
દુઃખ સાથે પાક્કી દોસ્તી, સુખ સાથે મિત્રતા,
અસ્તિત્વ માટે બેવના, સૌથી અગત્ય છું.
સોના સમાન મન, અને ચાંદી સમાન તન,
જાણે કે કોઈ દ્રશ્ય, મનોહર ને રમ્ય છું.
પાછળ રહીશ તો જ તમારી કદર થશે,
કિંમત વગરનો કિંમતી નાનકડો શૂન્ય છું.
પ્રત્યક્ષ કે પરોક્ષ, હું કિંમત ચુકાવી દઉં,
કલિયુગમાં 'મિત્ર' નામનો, હું એકલવ્ય છું,



મિત્ર રાઠોડ
(સુરત)

---

હૃદયનો ઉમળકો કે મનનો મેળાવડો,
શું એ જ છે આલેખન સમંદરની ભરતીની ભવ્યતાનું?
હૃદયનો વલોપાત કે મનનો એકાંત,
શું એ જ છે આલેખન સમંદરની ઓટની ઊંડાણનું?
નિહાળે છે કુદરત સમંદરની આ ભરતી-ઓટની નિરંતરતાને,
સાક્ષીભાવે જગતના અવિનાશી વિશાળ કલામંડપમાં.
જીવી જાણવું છે કરી આત્મસાત સાક્ષીભાવ કુદરતનો આ,
કરવા સાપેક્ષ સતત અનુભવાતા સંસારના ચઢાવ-ઉતારના આ ચક્રને.




મનોજ પટેલ.
(અમદાવાદ)

---

## ગુજરાતી એટલે ગુજરાતી

અમે મોજીલા ગુજરાતી, ભલે હોઈએ દાળ ભાતી,
પ્રજા હેતાળ ને હુલ્લાસી, સ્વાભિમાન ભર્યું ઠાંસી,
લહેર અરબની ઉભરાતી, સોમનાથે અથડાતી,
દેવદ્વારકા એ જાતી, જેની ધજાઓ ફરકાતી
કેસર કેરીઓ ઘોરાતી, ડણક સિંહની સંભળાતી,
રાસ રમઝટ થાતી, ગોરી ગરબે રે ગાતી,
બાપુમોહનદાસ ગાંધીજેના સરદાર સાથી,
લોહ પ્રતિમા સર્જાતી, જેની છપ્પન છાતી
ઉત્સવ ઘેલા તહેવારે, દાન ધરમ વહેવારે,
સંત સાધુ મહેમાને, રુડી રીતે આવકારે
પ્રજા વેપારે વખણાતી, પુરી દુનિયે દેખાતી,
સાહસિક ગુજરાતી, ની વાહ વાહ થાતી



વાલા ગજજર,
(અમદાવાદ)

---

## ધોળું જોઈએ.

નામ કરવા, એક ટોળું જોઈએ
ને વળી, એ સાવ ભોળું જોઈએ
વાત એ તલવાર ની છોડો હવે
મ્યાન જેવું એક ખોળું જોઈએ
છે કહાની આખી કાળા ની છતાં
જો લખો, તો પેજ ધોળું જોઈએ
તો જ સાગર ની મજા માણી શકો
પાણી, હા એનુંય ડહોળું જોઈએ
પામવા ઈશ્વર, શરત છે એટલી
મન સદાયે એવું ભોળું જોઈએ



સલીમ દેખૈયા
(ભાવનગર)

---

કંઈક તો હશે, કોઈક નું કોઈક ના અંતરમાં,
કારણ વગર કોઈ કરગરતું હશે ?
પાણી કરતાં પથ્થરનું મૂલ્ય વધી જાય,
પથ્થરને કોઈક તો કોતરતું હશે .
કંઈક તો હશે એ રેત માં પણ,
દિવાલોમાં આમ જ કોઈ ચણતું હશે ?
ભીંજાતું, સળગતું મન છે કે તણખલુ ?
અસમંજસમાં પણ કેટલુ તરતું હશે !
કણ કણમાં જો પ્રભુ તુ હોય તો,
આંગણેથી ઉડેલી આ રજકણો
કોણ પાથરતું હશે ?



વિજય .બી .પટેલ
(અંકલેશ્વર)

---

# કેન્દ્ર સરકારે જાહેર કરેલા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ ૨૦૨૦-૨૧માં ગુજરાત નંબર ૧ પર આવ્યું

ગાંધીનગર૨૬

કેન્દ્ર સરકારે જાહેર કરેલા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ ૨૦૨૦-૨૧માં મહારાષ્ટ્ર અને ગોવાને પાછળ રાખીને ગુજરાત નંબર ૧ પર આવ્યું. દેશના મોટા ૨૦ રાજયોના ૧૦ અલગ અલગ સેક્ટરમાં ૫૮ ઈન્ડિકેટર્સના આધારે આ રેન્કિંગ અપાયા છે. કેન્દ્રની મોદી સરકારે રાજ્યોમાં સુશાસન વધે અને પ્રજાલક્ષી કામગીરીનો વ્યાપ વધે તે માટે ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સની શરૂઆત કરી હતી. આ વર્ષે ગુજરાતે પોતાના પરફોર્મન્સ માં ૧૨.૩%નો વધારો કર્યો હતો.

ભારતરત્ન અને પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીના જન્મદિવસની સુશાસન દિવસ તરીકે ઉજવણી થાય છે, તે અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન આ જાહેરાત કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું હતું કે, દેશના લોકો લાંબા સમયથી સુશાસનની રાહ જોઈ રહ્યા હતા, જે કેન્દ્રની મોદી સરકારે કરી બતાવી છે. ૨૦૧૪ બાદ લોકશાહીમાં લોકોનો વિશ્વાસ વધ્યો છે. મોદી સરકારે શરૂ કરેલા વિકાસકાર્યોનો સીધો લાભ લોકોને મળી રહ્યો છે.

ગુજરાતે બીજા ૫ સેક્ટર્સમાં પોતાના પરફોર્મન્સને સુધાર્યું પણ છે, જેના કારણે ઓવરઓલ રેન્કિંગમાં ગુજરાત નંબર ૧ રહ્યું. હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ, પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સોશિયલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટ, જ્યુડિશિયરી એન્ડ પબ્લિક સેફ્ટીમાં ગુજરાતે ગત વર્ષ કરતા પોતાનું પરફોર્મન્સ સુધાર્યું છે. આમ કોરોનાકાળના વિપરીત સંજોગો છતાં ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સમાં ગુજરાત મોડલ છવાયેલું જોવા મળ્યું.

## ગુજરાત પ્રાકૃતિક ખેતીના આદર્શ રાજ્ય તરીકે દેશનું નેતૃત્વ કરશ : રાજ્યપાલશ્રી

# ઐતિહાસિક સ્થળ દાંડી ખાતેથી રાસાયણિક કૃષિને તિલાંજલી આપી પ્રાકૃતિક કૃષિ અપનાવવા સંકલ્પબદ્ધ થતાં ખેડૂતો

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે નવસારીના દાંડી સ્થિત સમર્પણ આશ્રમ ખાતે પ્રાકૃતિક કૃષિ અંગેની ત્રિદિવસીય તાલીમ કાર્યશાળાનો આરંભ કરાવતા જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીના સ્થાને હવે પ્રાકૃતિક કૃષિનો વિકલ્પ ઉપલબ્ધ છે, જેથી ગુજરાતનો પ્રત્યેક કિસાન ઝેરમુક્ત ખેતી કરવાનો સંકલ્પ લે. પ્રાકૃતિક ખેતીથી કૃષિખર્ચ ઘટશે, આરોગ્યદાયક ખાદ્યાન્ન મળશે તથા પર્યાવરણની રક્ષા થશે.

નવસારી કૃષિ યુનિવર્સિટી, આત્મા પ્રોજેક્ટ, ગાંધીનગર અને પ્રાકૃતિક ખેતી સંયોજક સમિતિ, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યશાળામાં તાલીમાર્થી ખેડૂતોને સંબોધન કરતા રાજ્યપાલશ્રીએ ખેતીમાં સ્વાનુભવ જણાવતા કહયુ કે, હરિયાણાના કુરુક્ષેત્રમાં પોતાની ૨૦૦ એકર જમીનમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકો થકી ખેતી કરતાં ત્યારે કૃષિ ખર્ચ દર વર્ષે વધતો ગયો અને ઉત્પાદન ઘટ્યું- જમીનની ફળદ્રુપતા ઘટી આથી સુભાષ પાલેકરજીની પ્રેરણાથી પ્રથમ વર્ષે ૫ એકર, બીજા વર્ષે ૧૦ એકર અને ત્રીજા વર્ષે ૯૦ એકરથી પ્રાકૃતિક ખેતી કરીને સફળતા મેળવી અને આજે આ પદ્ધતિમાં તમામ મોરચે સફળતા મળી રહી હોવાનું રાજ્યપાલશ્રીએ ગર્વથી કહ્યું હતુ.

રાજ્યપાલશ્રીએ કૃષિ વૈજ્ઞાનિકોના તારણોને રજૂ કરી ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની અસરકારકતા સમજાવતા જણાવ્યું કે, હિમાચલ પ્રદેશના રાજ્યપાલ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન પ્રાકૃતિક કૃષિ સાથે ૫૦ હજાર કિસાનોને આ કૃષિ પધ્ધતિ વિશે સમજણ આપી જોડયા હતા. આજે હિમાચલપ્રદેશમાં આ સંખ્યા વધીને ૧.૫૦ લાખ સુધી પહોંચી ચૂકી છે.

જે રીતે ગાંધીજીએ નવસારીના દાંડીથી ચપટી મીઠું ઉપાડીને મીઠાના અમાનુષી કાયદા અને અંગ્રેજોની ગુલામીના પંજામાંથી દેશને બચાવવાનો સંકલ્પ કર્યો હતો, એ જ રીતે અહીં ઉપસ્થિત પ્રત્યેક ખેડૂત દેશની માટી-ભૂમિને ઝેરી રસાયણોથી બચાવવાનો સંકલ્પ લે એવું આહવાન રાજ્યપાલશ્રીએ કરી ખેડૂતોને આ માટે સંકલ્પ લેવડાવ્યા હતા. ગુજરાત પ્રાકૃતિક ખેતીના આદર્શ રાજ્ય તરીકે દેશનું નેતૃત્વ કરશે તેવો વિશ્વાસ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરતા તેમણે એ વાતનો સહર્ષ ઉલ્લેખ કર્યો કે, હાલમાં જ હિમાચલ સરકારના રિપોર્ટ મુજબ પ્રાકૃતિક ખેતીથી ખેતી ખર્ચ ૫૬ ટકા ઘટ્યો છે, અને કિસાનોની આવક ૨૭ ટકા વધી છે. આ કૃષિ પદ્ધતિનું ભાવિ ખૂબ ઉજ્જવળ છે, જે કરોડો ખેડૂતોના જીવનને ઉન્નત બનાવશે. આ પ્રકારની પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાઓ ગુજરાતના કિસાનોની ઉન્નતિ માટે કારણભૂત બનશે એમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

ભારતીય સંસ્કૃતિમાં ધરતીને માતાનું બિરૂદ આપવામાં આવ્યું છે, ત્યારે ભૂમિપુત્રોએ ઝેરી રસાયણો અને ડી.એ.પી., યુરિયા ખાતરનો છંટકાવ કરીને ધરતીમાતાને મૃતઃપ્રાય કરવાનું અધર્મકાર્ય ક્યારેય ન કરવું એવો ભારપૂર્વક અનુરોધ રાજ્યપાલશ્રીએ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે, કૃષિ ક્ષેત્રે રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડી પ્રાકૃતિક ખેતી દ્વારા પર્યાવરણીય સમસ્યાને હળવી કરવા આ કાર્યશાળા માર્ગદર્શક બનશે.

આ પ્રસંગે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા વિશેષ ઉપસ્થિત રહેલા કૃષિ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, નવી કૃષિ ક્રાંતિ તરફ રાજ્યના ખેડૂતો આગળ વધી રહ્યા છે, અને પ્રાકૃતિક ખેતી તરફ પ્રોત્સાહિત થયા છે, ત્યારે આ ક્ષેત્રે પણ ગુજરાત નિશ્ચિતપણે દેશને નવી રાહ ચીંધશે.



મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોના હિતને વરેલી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ સરકારે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા સાથોસાથ તેમની આર્થિક ઉન્નતિ માટે અનેકવિધ પ્રયાસો કર્યા છે. ડાંગ પ્રાકૃતિક કૃષિ જિલ્લા તરીકે બહુમાન પામ્યો છે, ત્યારે રાજ્યના વધુમાં વધુ જિલ્લાઓ પણ ઓર્ગેનિક બને એવી સરકારની નેમ છે એમ જણાવી મંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી કરી રહેલા મહત્તમ ખેડૂતોને સાંકળવાના સરકારના પ્રયાસોની વિગતો આપી હતી. રાજ્યપાલશ્રીના હસ્તે પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું. દાંડીમાં તા.૨૫ થી ૨૭ ડિસે.દરમિયાન ત્રિદિવસીય કાર્યશાળામાં દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓના ૩૦૦૦ ખેડૂતો ભાગ લઈ રહ્યા છે, જેમને કૃષિ નિષ્ણાંતો દ્વારા તલસ્પર્શી માર્ગદર્શન અપાઇ રહ્યું છે. નીલકંઠધામના કૈવલ્યસ્વરૂપ સ્વામીજી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે ત્રણ દિવસ સુધી તાલીમ આપશે. આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂતોની સફળતાગાથાથી અન્ય ખેડૂતોને પ્રેરણા મળી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહીર, પ્રાકૃતિક કૃષિ સંયોજક સમિતિના પ્રદેશ સંયોજક શ્રી પ્રફુલ્લ ભાઈ સેંજલીયા, નવસારી કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક ડો. એસ. આર. ચૌધરી, જિલ્લા કલેક્ટરશ્રી અમિતપ્રકાશ યાદવ સહિત મોટી સંખ્યામાં તાલીમાર્થી ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## બાળકો પર તોળાતો કોરોના સંક્રમણનો ખતરો

# અરવલ્લી : પ્રાથમિક શાળાઓમાં કોરોનાની ગાઈડ લાઈનનું પાલન એસિડ ટેસ્ટ બનશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

બીજી લહેર વખતે દેશમાં અને ગુજરાતમાં હાહાકાર મચાવી ગયેલા વૈશ્વિક મહામારી કોરોનાના કેસ બે-પાંચના હિશાબમાં વધી રહ્યાં છે. બીજી લહેરની સરખામણીએ આ કેસની સંખ્યા નગણ્ય કહેવાય તેવી ભલે રહી, પરંતુ ધોરણ-૧થી ૫માં ભણતા બાળકો માટે શિક્ષણ મંત્રી દ્વારા ઓફલાઇન શિક્ષણની શરૂઆત કરવાનો નિર્ણય જાહેર કર્યા પછી રાજયની પ્રાથમીક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણનો પ્રારંભ થયો છે .પ્રાથમીક શાળાઓમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન એસિડ ટેસ્ટ સમાન બની રહેવાની શક્યતા નકારાતી નથી. કેમ કે બાળકોને કોવિડ-૧૯ વિરોધી રસી આપવાના હજુ સુધી તો કોઈ ઠેકાણા પડયાં નથી.અરવલ્લી જીલ્લામાં ૧૩૮૯ પ્રાથમિક શાળાઓમાં નવા સત્રથી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય આરંભાયું છે ત્યારે રાજ્યમાં ઓમીક્રોન અને કોરોનાના દર્દીઓમાં વધારો થતા વાલીઓ અને શિક્ષકોમાં ફફડાટ ફેલાયો છે

ઘરમાં પુરાઇ રહેવાના કારણે નિશાળિયા બાળકો અને તના વાલીઓ સ્વાભાવિક રીતે કંટાળ્યા હતા અને લાંબા સમયની આ સ્થિતિના બાળકોના શિક્ષણ પર ખુબ માઠી અસર પડી હોવાની વાતનો ઈક્રાર થઈ શકે તેમ નથી.આસંજોગોમાં શાળાઓ ફરી ધમધમતી થાય તે બાળકોના શિક્ષણના હિતમાં જરૂરી છે. પરંતુ આ તકે કોરોનાની શરૂઆત વખતે વડાપ્રધાન જે વાક્ય બોલ્યા હતાં કે જાન હૈ તો જહાન હૈ.. તે શબ્દો યાદ આવ્યા વગર રહેતા નથી. વળી આ બાબત યુવાનો કે વયસ્કો માટેની નથી, બાળકો માટેની છે. સરકારે શિક્ષકોને કોરોના ગાઇડ લાઇનનું પાલન કરાવવાની વિશેષ સુચના અપાઇ છે. ત્યારે આવનારા માસુમ બાળકો કઇ હદ સુધી તેમના કાબુમાં રહેશે અને કઇ રીતે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરાવી શકાશે તે ચિંતાનો વિષય બન્યો છે. રાબેતા મુજબના સંજોગોમાં તો બાળકો એક જ બોટલમાંથી કે ગ્લાસથી પાણી પીતા હોય છે અને એક જ ડબ્બામાંથી નાસ્તો પણ કરતા હોય છે. કોરોના ફેલાવા મુદ્દે તો આ એક જ મુદ્દો હાંજા ગગડાવી નાખે તેવો સાબિત થઈ શકે તેમ છે.

રાજયમાં સ્કૂલોમાં વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ થયા હોવાના કેસો સામે આવ્યા છે ત્યારે સરકારના શિક્ષણ વિભાગે ઠરાવ કરીને ખાસ તકેદારીના પગલા લેવા આદેશ કર્યો છે.જે અંતર્ગત જો કોઈ પણ વિદ્યાર્થીમાં કોઈ પણ રોગના લક્ષણ જણાય તો ડીઈઓ-ડીપીઓને જાણ કરવા આદેશ કરવામા આવ્યો છે. સરકારે હાલ માત્ર પરિપત્ર કરી દીધો છે અને જેમાં સૂચનાઓ આપી દીધી છે પરંતુ તમામ બાબતની તકેદારી સ્કૂલો અને વાલીઓને રાખવા જણાવી દીધુ છે. શિક્ષણ વિભાગે કરેલા ઠરાવમાં સૂચનાઓ આપી છે કે રાજયની ગુજરાત બોર્ડની ધો.૧થી૧૨ની તમામ સ્કૂલોમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે વેક્સિનના બંને ડોઝ લઈ લીધા છે કે નહી તે સુનિશ્ચિત કરવુ તેમજ કોઈ પણ વિદ્યાર્થીમાં સંક્રમણના લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો, શાળામાં કોઈ વિદ્યાર્થીમાં કોઈ પણ રોગના લક્ષણો જણાય તો ડીઈઓ-ડીપીઓને ફરજીયાત સ્કૂલે જાણ કરવાની રહેશે તેમજ સ્થાનિક આરોગ્ય તંત્રના સંપર્કમાં રહી પૂર્વ સંરક્ષણાત્મક પગલા ઝડપથી લેવાના રહેશે.

વાલીઓને અપીલ કરવામા આવી છે કે પરિવારમાં કે બાળકમાં સંક્રમણના કોઈ પણ લક્ષણો જણાય તો બાળકોને શાળાએ મોકલવા નહી. દરેક શાળાએ ઓફલાઈન શિક્ષણની સાથે ફરજીયાત રીતે ઓનલાઈન શિક્ષણ વ્યવસ્થા પણ ચાલુ રાખવાની રહેશે.મહત્વનું છે કે સરકારે કરેલા ઠરાવમાં ક્યાંય પણ સ્થાનિક તંત્ર કે ડીઈઓ -ડીપીઓ કચેરીને સ્કૂલોમાં તકેદારી માટે તપાસ કરવા કોઈ સૂચના આપી નથી

# ડાંગ જિલ્લામા શાંતિપૂર્ણ માહોલમા યોજાઈ GPSC ની પ્રિલીમ પરીક્ષા




આહવા તાઃ ૨૬ઃ

ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨, તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની જગ્યાઓ માટેની ભરતી અન્વયે આજે ડાંગ જિલ્લા પણ પ્રિલિમિનરી પરીક્ષા યોજાઈ હતી.

આ પરીક્ષા આહવા ખાતેના ૪ (ચાર), અને વઘઈ ખાતે ૧ (એક) મળીને કુલ પાંચ કેન્દ્રો ખાતે યોજાઇ હતી. જેમા પેપર-૧ મા કુલ ૧૩૫૪ પૈકી ૫૬૧ ઉમેદવારો હાજર, અને ૭૯૩ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. જ્યારે પેપર-૨મા કુલ ૧૩૫૪ પૈકી ૫૪૬ હાજર, અને કુલ ૮૦૮ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આમ જિલ્લાની કુલ સરેરાશ હાજરી ૪૨.૪૫ % રહેવા પામી હતી.

સદરહુ પરીક્ષા જિલ્લા કલેકટર શ્રી ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ લેવાંમા આવી હતી. તમામ ઉમેદવારોએ શાંતિપૂર્ણ માહોલમા નિર્ભિક રીતે પરીક્ષા આપી હતી.

નરેન્દ્ર પવાર,ડાંગ

## આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત

# નિરામય ગુજરાત ઝુંબેશની સાથેગાંધીનગર જિલ્લામાં ફિટ ઈન્ડિયા ફિટ ગુજરાત સાઈકલોથોનનુ 'આયોજન રૂપાલ ખાતે કરાયું

ગાંધીનગરઃ રવિવારઃ

આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત નિરામય ગુજરાત ઝુંબેશની સાથે આજે ગાંધીનગર જિલ્લામાં ફિટ ઈન્ડિયા ફિટ ગુજરાત સાઈકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાઈકલોથોનનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ રૂપાલ ગામના પી.એચ.સી. ખાતે યોજાયો હતો. આ સાઈકલોથોનમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ સાયકલ ચલાવીને સર્વે લોકોને પ્રોત્સાહન આપ્યું હતું. સાયકલ રેલીને ગુજરાત બિન અનામત આયોગના ઉપાધ્યક્ષ શ્રી રશ્મીકાંત પંડયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ અને મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. રાજયના નાગરિકોમાં આરોગ્ય સુખાકારી જળવાઈ રહે અને તેઓને પોતાના જીવનમાં વિવિધ પ્રવૃત્તિઓ થકી શારીરિક તંદુરસ્તી રહે તેવા હેતુથી સમગ્ર રાજ્યમાં આજરોજ ફિટ ઈન્ડિયા ફિટ ગુજરાત સાઈકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા કક્ષાનો સાઈકલોથોન કાર્યક્રમ રૂપાલ ગામના પી.એચ. સી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં 'સાયકલ ચલણ થકી બિન ચેપી રોગોથી મુક્તિ' નું સૂત્રની પસંદગી કરવામાં આવી છે. આ સંદેશો લોકો સુધી પહોંચે તે માટે આ કાર્યક્રમના ભાગરૂપે ગાંધીનગર જિલ્લામાં ૧૨૪ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, ૨૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને બે અર્બન હેલ્થ સેન્ટર એમ મળી કુલ અ ૧૫૫ સ્થળો ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ-૨૩૦૦ થી વધુ લોકો સાયકલ સવારીમાં ભાગ લેવા નામની નોંધણી કરાવી હતી. રૂપાલ ખાતે યોજાયેલ સાઈકલોથોનમાં ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલીયા, સાયકલિસ્ટો સહિત રૂપાલ ગામના વિધાર્થીઓ અને ગ્રામજનોએ સાયકલ ચલાવી હતી. આ સાયકલ રેલી રૂપાલ ગામ થી રાંધેજા ચોકડી સુધી ગઈ હતી. રાંધેજા ચોકડીથી પરત ફરીને રૂપાલ ગામમાં પાછી આવી હતી. આ સમગ્ર રેલી દરમ્યાન ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય અને તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલીયાએ સાયકલ ચલાવી હતી. સર્વે જોડાયેલ વિધાર્થીઓ અને સાયકલ સવારોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમના અંતે વિધાર્થીઓને અને જોડાયેલ સાયકલ સવારોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ પ્રસંગે રૂપાલ ગામના અગ્રણી શ્રી નિતીનભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકી સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણમાં આમ આદમી પાર્ટીએ

# પેપરલીક કૌભાંડમાં સંડોવાયેલા દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ સાથે કલેકટરને આવેદનપત્ર આપ્યું

પાટણના આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા પેપર લીક મામલે અધિક કલેકટરને આવેદનપત્ર આપ્યું પેપર લીક કૌભાંડમાં સંડોવાયેલા દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી તેમજ જો કડક કાર્યવાહી કરવામાં નહી આવે તો આમ આદમી પાર્ટી દ્વારા આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી

આવેદનપત્ર આપ્યા બાદ પોલીસે આપના ચાર કાર્યકરોની અટકાયત કરી પોલીસ સ્ટેશનમાં લઈ ગયા હતા તેમજ બગવાડા ખાતે રેલી સ્વરૂપે વિરોધ પ્રદર્શન કરી રહેલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી . આમ આદમી પાર્ટી દ્વારા પેપર લીક મામલે આવદેનપત્ર આપવામાં આવ્યું છે ગૌણસેવા પસંદગી મંડળના અસિત વોરાને તાત્કાલિક તેમના પદ પરથી દૂર કરવામાં આવે તેમજ અસિત વોરા સહિત પેપર લીક કૌભાંડમાં સંડોવાયેલા તમામ આરોપીઓ પર કાયદેસરની કાર્યવાહી તાત્કાલિક ધોરણે કરવામાં આવે તેવી માંગ કરાઈ હતી આ ઉપરાંત અગાઉના પેપર લીકના કારણે રદ થયેલી પરીક્ષા સહિતના તમામ વિદ્યાર્થીઓને ખર્ચ અને મહેનતના વળતર તરીકે રૂપિયા ૫૦ હજાર ચૂકવવામાં આવે , ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ સ્થાને કોઈ પ્રમાણિક અને નિષ્પક્ષ અધિકારીની નિમણુંક કરવામાં આવે , આ કૌભાંડની નિષ્પક્ષ તપાસ માટે નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી અને તપાસ સોપવામા આવી , અટકી પડેલી તમામ ભરતી ઓ તાત્કાલિક ધોરણે પૂર્ણ કરી ગુજરાતના બેરોજગાર યુવાનોને ન્યાય આપવામાં આવે તેવી માગ કરાઇ છે.

ગાંધીનગરમાં તાજેતરમાં પેપર લીક મામલે કમલમમાં આપના કાર્યકરો અને ભાજપના કાર્યકરો વચ્ચે હોબાળો થયો હતો એ ઘટનાને પગલે સફાળી જાગેલી સરકાર , તંત્ર આપની કોઈ જ બાબત હળવાશથી લઈ રહ્યા નથી પાટણ શહેરના બગવાડા દરવાજા પાસે બેરીકેટ મુકી કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામા આવ્યો હતો કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપ્યા બાદ ૪ જેટલા આપના કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત પણ કરવામાં આવી હતી આવેદનપત્ર આપ્યા બાદ આપના કાર્યકરો રેલી સ્વરૂપે બગવાડા ખાતે વિરોધ પ્રદર્શન કરવા આવતા પોલીસે ફરી ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યાં હતાં

# મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરના સેગમેન્ટલ કાસ્ટિંગ યાર્ડની મુલાકાત લેતાં મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજરોજ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાનાવક્તાણા ગામે, ભાટિયા ટોલ પ્લાઝા પાસે મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરના સેગમેન્ટલ કાસ્ટિંગ યાર્ડ (@ Ch. 254)ની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ.ના મેનેજિંગ ડિરેક્ટરશ્રી સતિષ અગ્નિહોત્રીએ મુખ્યમંત્રીશ્રીને ૨૨ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવેલા સેગમેન્ટલ કાસ્ટિંગ યાર્ડની સમગ્રલક્ષી કાર્યપદ્ધતિથી માહિતગાર કર્યા હતાં. મુખ્યમંત્રીશ્રી સાથે કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજયમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી, કૃષિ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ પણ જોડાયા હતાં. નોધનીય છે કે, સુરતના વક્તાણા ગામ (@Ch.254) ખાતે



સેગમેન્ટલ કાસ્ટિંગ યાર્ડ તૈયાર કરવામાં આવ્યું છે જ્યાં ૩૦થી ૬૦ મીટર લંબાઈના ૨૯૪ સ્પાનનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. જેમાં ૫૨૯૨ સેગમેન્ટના કાસ્ટિંગનો સમાવેશ થાય છે. આ સ્પાન દ્વારા નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ. બનાવવામાં આવી રહેલા મુંબઈ-અમદાવાદ HSR કોરિડોરમાં ૯ કિમી લંબાઈના વાયાડક્ટ બનશે.

NHSRCL નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ.એ સેગમેન્ટલ મેથડ સાથે ફુલ સ્પાન લોન્ચિંગ મેથડ (૪૦ મીટર લંબાઈ) અપનાવી છે. સેગમેન્ટલ ગર્ડર્સની સરખામણીમાં ફુલ સ્પાન ગર્ડર્સ (૪૦ મીટર લંબાઈ) વધુ પસંદ કરવામાં આવે છે, કારણ કે તેને ઉભા કરવાનું કામ સાત ગણું ઝડપી હોય છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી આયુષ ઓક, NHSRCLના એક્ઝિક્યુટીવ ડિરેક્ટરશ્રી પ્રમોદ શર્મા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મોડાસાના ટાઉનહોલ ખાતે સુશાસન સપ્તાહના બીજા દિવસે "શહેરી વિકાસ દિવસ" ઉજવાયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્ય સરકાર દ્વારા ભારતના પૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપયજીના જન્મ જયંતિ નિમિત્તે સુશાસન સપ્તાહની તા. ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. જેમાં સુશાસન સપ્તાહ અંતર્ગત ઁદ્બ ઁદ્રૈહિક્રહજી ની ઉજવણી સંદર્ભે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સુરત ખાતેથી બીજા દિવસે "શહેરી વિકાસ દિવસ" નો પ્રારંભ કરાવ્યો. જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાના મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે ગુડ ગવર્નન્સના ભાગ રૂપે શહરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ જલ્પાબેન ભાવસારની અધ્યક્ષતામાં સુશાસન સપ્તાહના બીજા દિવસે "શહેરી વિકાસ દિવસ" ઉજવાયો. જેમાં લાભાર્થીઓને રાજ્ય સરકારની વિવિધલક્ષી યોજનાઓના લાભનું વિતરણ કરીને લાભાન્વિત કરાયા. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખશ્રી જલ્પાબેન ભાવસારે જણાવ્યું કે, આપણે ૨૫ ડિસેમ્બરના દિવસે અટલજીના જન્મજયંતિને સુશાસન દિવસ તરીકે ઉજવીએ છીએ. રાજયનો પ્રત્યેક નાગરિક સુશાસન સપ્તાહનો સાચો અર્થ છે. આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન હતું કે દરેક નાગરિકને પોતાના ઘરનું ઘર મળે માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો પ્રારંભ કરાયો છે. ઉજાલા યોજના, ઉજ્જવલા યોજના, જયોતિગ્રામ યોજના, કિસાન સૂર્યોદય યોજના, ખેડૂત સાત પગલા યોજના જેવી અનેકવિધ યોજનોઓ અમલમાં મુકીને છેવાડાના માનવી સુધી આ સુવિધાઓનો લાભ પહોંચે તે માટેની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાઈ છે. ગંગા સ્વરૂપા બહેનોને મહિને ૧૨૫૦ રૂપિયાની સહાય ચુકવવામાં આવે છે. તેમજ ફેરિયાઓને પણ આત્મનિર્ભર થવા માટે રૂ. ૧૦,૦૦૦ની લોન આપવામાં આવે છે. યુવાનોને સાચી દિશા આપવા માટે સ્જીસ્ઈ આપે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રીના માટે ૨૧ મી સદી જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. આજનો યુગ એ ડીજીટલ યુગ છે. જેનાથી સરકારની વિવિધલક્ષી યોજનાઓના લાભ આજે છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે. મુખ્યમંત્રીશ્રીના નિર્ણયથી રાજ્ય પેપરલેસ, પારદર્શક અને ડીજીટલ બનશે. હવે ડીજીટલ પ્રોપર્ટી કાર્ડ ઓનલાઈન મળી રહ્યા છે. અત્યાર સુધીમાં ૨૬ લાખ લોકો ડીજીટલ સુવિધાનો લાભ લઈ રહ્યા છે. સુશાસન સપ્તાહ નિમિત્તે મુખ્યમંત્રીશ્રી આપ સૌને ડીજીટલ સેવાની ભેટ આપી છે. તેમણે આવકના દાખલાની સમય મર્યાદા વધારીને ૩ વર્ષ સુધી કરી છે. આપણે સૌ ભેગા મળીને મોડાસા નગરને સ્વચ્છ અને સુંદર બનાવીએ. આ કાર્યક્રમમાં મોડાસા નગરપાલિકાના લાભાર્થીઓને સરકારની વિવિધલક્ષી યોજનાના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જે લોકોને મકાન મંજૂર થયેલા છે તેવા લોકોને ૧૦ પ્રમાણપત્રો સ્ટેજ પર આપવામાં આવ્યા તથા કુલ ૧૨૦૦ જેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા. પ્રધાન સ્ટ્રીટ વેન્ડર સ્કીમ પી.એમ.સ્વાનિધી હેઠળ જે ફેરિયાઓને ૧૦,૦૦૦ ની લોન મળેલ છે તેવા ૨૧૫ ફેરિયાઓને ફેરીના ઓળખ કાર્ડ આપવામાં આવ્યા. મુખ્યમંત્રી યોજના હેઠળ કુલ ૧૦ મંડળને ૧ લાખ રૂપિયા એમ કુલ ૧૦ લાખના ચેકોનું વિતરણ કરવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં મુખ્ય અધિકારીશ્રી સંજયભાઈ પંડયા, કારોબારી સમિતિના અધ્યક્ષશ્રી ભગવતી બેન, સેનેટરી સમિતિના અધ્યક્ષશ્રી અતુલભાઈ જોષી, વેરા વસૂલાત સમિતિના અધ્યક્ષશ્રી પ્રિયંકભાઈ પટેલ, સમાજ કલ્યાણ સમિતિના અધ્યક્ષશ્રી વર્ષા બેન રાઠોડ, પ્રધાનમંત્રી આવાસ યોજના સમિતિના અધ્યક્ષશ્રી આશાબેન ખાંટ, ડે.એન.યુ.એલ.એમ યોજના સમિતિના અધ્યક્ષશ્રી કાજલ બેન ખાંટ, ટાઉન પ્લાનિંગ સમિતિના અધ્યક્ષશ્રી રોહિત ભાઈ પટેલ, પાણી પુરવઠા વિભાગ સમિતિના અધ્યક્ષશ્રી નિરજભાઈ શેઠ, શ્રી કટલરી કરિયાણા મરચન્ટ સહકારી શરાફી મંડલીના પંકજભાઈ બુટાલા, રમણ ભાઈ પ્રજાપતિ તેમજ બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.